ગુજરાતમિત્ર

# પંચમહાલ-દાહોદ

શુક્રવાર ૨૨ મે, ૨૦૨૬ | **દાહોદ કાર્યાલય :** સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 | ૧૧

**NTCA અને વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટિટ્યૂટની ટીમો સક્રિય : દાહોદમાં વાઘના સંરક્ષણ અને વંશવૃદ્ધિ માટે સરકારનો એક્શન પ્લાન તૈયાર**

## ટાઈગર સ્ટેટ : સાગટાળા રેન્જમાં 14 નાઈટ વિઝન કેમેરા ગોઠવાયા

છેલ્લા ઘણા સમયથી દાહોદના જંગલોમાં મધ્યપ્રદેશથી આવેલા ટાઈગરે વસવાટ કર્યો છે



(પ્રતિનિધિ) દાહોદ, તા.2
ગુજરાત હવે ટાઈગર સ્ટેટ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે કારણ કે છેલ્લા ઘણા સમયથી દાહોદના જંગલોમાં મધ્યપ્રદેશથી આવેલા ટાઈગરે વસવાટ કર્યો છે. હવે આ ટાઈગર કાયમી ધોરણે આ વિસ્તારમાં વસવાટ કરે તેનો વંશવેલો વધારે તે માટે સરકાર અને નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA) પ્રયાસરત છે. મહત્વપૂર્ણ બાબત એ છે કે વાઘની તમામ જાણકારીઓ તેમજ તેને લગતી તમામ માહિતીઓ, તથા વનવિભાગ તેમજ વાઘના સંરક્ષણ માટે ત્રણ દિવસીય વિશેષ ટ્રેનિંગ કેમ્પ યોજાયો. સૂર્યોદય અને સૂર્યાસ્ત સમયે વાઘ હરવા ફરવા અથવા તો પાણી, ખોરાકની શોધમાં આવતો હોય તેવા સમયે વન વિભાગની ટીમોએ સાવચેતી રાખવી જરૂરી છે. જે માટે તે સમયે વન વિભાગની ટીમો આ સમયગાળા દરમ્યાન પેટ્રોલિંગમાં ન નીકળે અને જો પેટ્રોલિંગમાં નીકળે તો એકલા ન નીકળે ટીમ સાથે નીકળવું હિતાવહ હોવાનું જણાવાયું છે. આ ઉપરાંત જે તે સમયે અથવા તો અન્ય સમયે પણ વાઘ સામે આવી જાય તો ભાગવાનો અથવા તો વાઘને પીઠ દેખાડવાની ભૂલ ન કરવા પણ સૂચન કરાયું છે. જો આમ કરવામાં આવશે તો વાઘ હુમલો કરી શકે છે, તેમ જણાવાયું છે.

સંરક્ષણ માટે કામ કરતી એજન્સીઓની ગતિવિધિઓ તેમજ કાર્ય પદ્ધતિ ખૂબ જ ગોપનીય રાખવામાં આવી છે. આ અંગે વન વિભાગ તેમજ ટાઈગરના સંરક્ષણ સાથે જોડાયેલા લોકો કંઈ પણ કહેવા તૈયાર નથી. જેના પાછળ શું કારણ વાઘની મૂવમેન્ટ કેપ્ચર કરવા સાગટાળા રેન્જમાં કેમેરા ઈન્સ્ટોલ કરવામાં આવ્યા. વાઘ રતનમહાલમાં સ્થાઈ થયો હોવાની પુષ્ટિઓ સાથે મધ્યપ્રદેશના જંગલમાંથી બે વાઘણો લાવવા માટેની કવાયતો પણ હાથ ધરવામાં આવી રહી છે, જેથી વાઘ પોતાનો વંશવેલો આગળ વધારી શકે અને વાઘની પ્રજાતિમાં વધારો થઈ શકે તે માટેના પ્રયાસો પણ હાથ ધરાશે. વાઘ હાલ કહેજેટા અને સાગટાળા રેન્જમાં સ્થાયી થયો હોવાના અહેવાલો મળી રહ્યા છે. આ વિસ્તારો એવા છે જ્યાં ગીચ જંગલ, ખોરાકની આસાની અને ભોગોલિક પરિસ્થિતિ વાઘને માફક આવી ગઈ હોય તેમ પણ પ્રતિત થઈ રહ્યું છે. ટીમો દ્વારા વાઘની સતત એક્ટિવિટી પર નજર રાખી રહી છે અને વાઘના તમામ ડાટાઓ એકત્રિત કરવાની કામગીરીમાં પણ જેતરાઈ ગઈ છે. તેને લઈને રાજ્ય સરકાર વન વિભાગ અને ટાઈગરના સંરક્ષણ સાથે જોડાયેલી સંસ્થાઓ ખૂબ જ સંવેદનશીલ છે. દાહોદમાં ફેબ્રુઆરી માસથી વસવાટકરી રહેલા ટાઈગરના સંરક્ષણ માટે નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી (NTCA) દિલ્હી અને વાઈલ્ડ લાઈફ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા ટાઈગર સેલ દેહરાદૂનની ટીમો ગત મહિને દાહોદ આવી હતી. તારીખ 28,29,30 એપ્રિલ એમ ત્રણ દિવસ સ્થાનિક વન વિભાગના કર્મચારીઓને ટાઈગરના સંરક્ષણ દેખરેખ અને ટાઈગર સંબંધિત તમામ બાબતો અંગે માહિતગાર કરી વિશેષ ટ્રેનિંગ આપવામાં આવી હતી.

આ ટીમો દ્વારા વાઘના પંજાના નિશાન એટલે કે ફુટ પ્રિન્ટ મેલ છે કે ફીમેલ કરી રીતે ઓળખવી? અને વાઘની હગ (લીટીગ)ના સેમ્પલો લઈ દેહરાદૂનની લેબમાં પરીક્ષણ માટે મોકલી આપ્યા છે.આ સેમ્પલોનું એનાલીસીસ કરવામાં આવશે.

**ઇજાગ્રસ્તને સારવાર માટે દવાખાને ખસેડાયો**

## ધાનપુરના દુમકા ગામે બે બાઈક અથડાતા એકનુ મોત, બેને ઈજા

(પ્રતિનિધિ) દાહોદ, તા.
ધાનપુર તાલુકાના દુમકા ગામે ખાલતા ચોકડી પાસે, ધાનપુર-વાંસીયા ડુંગરી મેઈન રોડ પર ગઈકાલે બપોરના સમયે બે મોટરસાયકલ વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં એક મોટર સાયકલ ચાલક સહિત ત્રણને ગંભીર ઈજાઓ થતા તેઓને સારવાર માટે ધાનપુર સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ત્રણ પૈકી એક મોટરસાયકલના ચાલકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હોવાનું પોલીસ સૂત્રો દ્વારા સત્તાવાર જાણવા મળ્યું છે.

એક મોટર સાયકલ ચાલક ગત બપોરના સવા બે વાગ્યાના સુમારે તેના કબજાની જીજે ૨૦ બીએચ-૩૨૪૪ નંબરની હીરો કંપનીની સ્પ્લેન્ડર મોટર સાયકલ પૂર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી દુમકા ગામે ધાનપુર-વાંસીયા ડુંગરી મઈન રોડ પર ખલતા ચોકડી પાસે સામેથી આવતી ધાનપુર તાલુકાના સીંગોર ગામના વચલા ફળિયામાં રહેતા ૩૦ વર્ષીય રણજીતભાઈ ગુલાબભાઈ રાવળની જીજે ૦૬ કેએ-૭૦૯૩ નંબરની હીરો કંપનીની સુપર સ્પ્લેન્ડર મોટરસાયકલને જોશભેર ટક્કર મારતા મોટરસાયકલ ચાલક રણજીતભાઈ ગુલાબભાઈ રાવળને માથાના ભાગે તથા શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થવા પામી હતી. તેમજ મોટરસાયકલ પર પાછળ બેઠેલ રાછવા ગામના સુરેન્દ્રભાઈ મગનભાઈ મીનામાને શરીરે નાની મોટી ઈજાઓ થવા પામી હતી તેમજ સામેવાળી મોટરસાયકલના ચાલકને પણ શરીર નાની મોટી ઈજાઓ થવા પામી હતી.

**દેવગઢબારિયા નગરમાં રાજકીય ભૂકંપ**

## પક્ષાંતર દ્વારા 6 સભ્યોને હેન્ડલ કરીને ગેરલાયક ઠેરવતાં રાજકીય ચર્ચાઓનો દોર

પક્ષના મંડેટનો અનાદર અને પક્ષવિરોધી પ્રવૃત્તિ ચલાવી લેવાશે નહિ




(પ્રતિનિધિ) દેવગઢબારિયા, તા.20
દેવગઢ બારિયા નગરપાલિકાની રાજનીતિમાં ભારે ગરમાવો જોવા મળ્યો છે. પક્ષાંતર દ્વારા 6 સભ્યોને હેન્ડલ કરીને ગેરલાયક ઠેરવાયા ! દેવગઢબારિયા નગરપાલિકાની રાજનીતિમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે.

પક્ષના મંડેટનો અનાદર અને પક્ષવિરોધી પ્રવૃત્તિ ગણાવી 6 સભ્યોને ગેરલાયક ઠેરવવામાં આવ્યા હોવાની ચર્ચાએ રાજકીય માહોલ ગરમાવ્યો છે. આ નિર્ણય બાદ સ્થાનિક રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. આગામી સમયમાં નગરપાલિકાના સત્તા સમીકરણોમાં મોટા ફેરફાર થવાની શક્યતાઓ વ્યક્ત થઈ રહી છે. ગેરલાયક જાહેર કરાયેલા સભ્યોમાં નીલ શંકુલાલ સોની, નિધિ અક્ષય જૈન, ગોપાલ આલા, સરલાબેન મેંડા, અગ્રાબેન પરમાર અને પ્રફુલેશ મોડેલીયાના નામો ચર્ચામાં છે. સ્થાનિક રાજકીય વર્તુળોમાં હવે આગામી રાજકીય ચાલો અને પક્ષોની વ્યૂહરચના પર સૌની નજર ટકેલી છે.

**સુખસર તાલુકામાં પીવાના પાણીની સમસ્યા હલ કરવા માંગ**

## વાગધારા સંસ્થા, સ્વરાજ સંગઠન દ્વારા સુખસર તાલુકા ટીડીઓને ભલામણ પત્ર



(પ્રતિનિધિ) સુખસર,તા.21
આદિવાસી વિસ્તારના ગ્રામીણ ક્ષેત્રોમાં ભીષણ ગરમીના કારણે દિન પ્રતિદિન પીવાના પાણીની સમસ્યા જટિલ બનતી જાય છે.કેટલાક ગ્રામ્ય વિસ્તારના ગ્રામીણોને સવારથી જ પાણી માટે અહીં તહીં ભટકી વલખાં મારવાં પડે છે.સ્ત્રીઓ,બાળકો અને વૃદ્ધજનોને બધા કરતા વધારે તકલીફ ભોગવી પડે છે.આજરોજ વાગધારા સંસ્થાના સહયોગથી ગઠિત કૃષિ અને આદિવાસી સ્વરાજ સંગઠન - ફતેપુરા દ્વારા મદદનીશ તાલુકા વિકાસ અધિકારી- સુખસરને ભલામણ પત્ર સૌપી આ સમસ્યાના સમાધાન માટે માંગણી કરી છે.સંગઠન દ્વારા જણાવવામાં આવ્યું કે,કેટલાક ગામો માં બંધ અવસ્થામાં પડેલ હેડ પંપ છે.જેથી ગ્રામિણોને દૂર દુર થી પાણી લાવવું પડે છે.આ આગ્રહ પત્રમાં બંધ પડેલ હેડ પંપનું સુધારકામ કરી, પાણીની વ્યવસ્થા કરવામાં આવે, જેથી કરીને બાળકો,સ્ત્રીઓ અને વૃદ્ધ જનોને દૂર દૂર પાણી માટે ભટકવું ના પડે.અને આ ભીષણ ગરમીના સામે પેયજલની સુવિધા ઉપલબ્ધ થઈ શકે.આ હેતુથી મદદનીશ વિકાસ અધિકારી મહાદેવને આગ્રહ પત્ર સોંપવામાં આવ્યું હતું. તેમ વાગધારા સંસ્થાના પ્રતિનિધિ ગીરીશભાઈ પટેલ દ્વારા જાણવા મળેલ છે.

## પાછલા બે વર્ષથી પાંચ ગુનાઓમાં ફરાર વોન્ટેડ લૂંટ-ચોરીનો આરોપી ઝડપાયો



(પ્રતિનિધિ) ગરબાડા, તા.21
દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાની જેસાવાડા પોલીસે મોટી સફળતા મેળવી છે. રાજકોટ, સુરત અને અરવલ્લી જિલ્લામાં લૂંટ, ધાડ, મહાવ્યથા અને ઘરફોડ ચોરી જેવા પાંચ ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો આરોપી પ્રકાશ દિતીયાભાઈ પલાસ ઝડપાયો છે. તે છેલ્લા બે વર્ષથી ફરાર હતો.

નાયબ પોલીસ મહાનિરીક્ષક વિધી ચૌધરી, જિલ્લા પોલીસ વડા રવિરાજસિંહ જાડેજા અને નાયબ પોલીસ અધિક્ષક એમ.કે. સ્વામીના માર્ગદર્શન હેઠળ ફરાર આરોપીઓને પકડવા માટે ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન, જેસાવાડા પોલીસ સ્ટેશનના પીઆઈ જી.જે. ગામીત અને તેમના સ્ટાફ પેટ્રોલિંગમાં હતા. તે સમયે અ.હે.કો. મનોજકુમાર રામાભાઈને બાતમી મળી હતી કે લાંબા સમયથી ફરાર આરોપી પ્રકાશ પલાસ પોતાના ઘરે આવ્યો છે. આ બાતમીના આધારે પોલીસે છરછોડાના બારીયા ફળિયા ખાતે દરોડો પાડી ૩૫ વર્ષીય પ્રકાશ દિતીયાભાઈ પલાસને તેના ઘરેથી ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપી પ્રકાશ પલાસ સામે નોંધાયેલા ગુનાઓમાં રાજકોટ જિલ્લાના પડધરી પોલીસ સ્ટેશનમાં લૂંટના બે ગુના, રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ધાડનો ગુનો, સુરત જિલ્લાના ઉમરા પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરીનો ગુનો અને અરવલ્લી જિલ્લાના મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ચોરીનો ગુનો સામેલ છે. પોલીસ તપાસમાં જાણવા મળ્યુ છે કે આરોપી છેલ્લા બે વર્ષથી અલગ અલગ સ્થળોએ છુપાઈને પોલીસથી બચતો હતો. જેસાવાડા પોલીસે બાતમીના આધારે ઝડપી કાર્યવાહી કરીને તેને પકડી પાડ્યો છે. આ સફળતાથી જિલ્લામાં પોલીસની કામગીરીની સરાહના થઈ રહી છે.

## કાલોલ સરદાર ભવન ખાતે સ્વ. રાજીવ ગાંધીની પુણ્યતિથી નિમિત્તે કોંગ્રેસ પરિવાર દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી



**કાલોલ :** આધુનિક ભારતના ઘડવૈયા અને ૨૧મી સદીના સ્વપ્નદ્રષ્ટા ભૂતપૂર્વ વડાપ્રધાન સ્વ. રાજીવ ગાંધીની પુણ્યતિથિ નિમિત્તે આજે તારીખ ૨૧/૦૫/૨૦૨૬ નાં ગુરુવારના રોજ કાલોલ શહેર અને તાલુકા કોંગ્રેસ પરિવાર દ્વારા પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં કાલોલ સરદાર ભવન કોંગ્રેસ હાઉસ ખાતે સવારે ૧૧:૦૦ વાગ્યે યોજાયેલ આ કાર્યક્રમમાં સ્વ. રાજીવજીની તસવીરને પુષ્પ અર્પણ કરીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. જ્યાં ઉપસ્થિત આગેવાનોએ રાજીવ ગાંધીના દેશના વિકાસમાં આપેલા યોગદાનને યાદ કર્યું હતું.

**દાહોદ ટાઉન એ ડિવિઝન પોલીસની સફળ કામગીરી**

## ગણતરીના દિવસોમાં જ ઘરફોડ ચોરીના કેસમાં બાળકિશોર ઝડપાયો



(પ્રતિનિધિ) દાહોદ, તા.20
થોડા દિવસ અગાઉ દાહોદ ટાઉન એ ડિવિઝન પોલીસ મથકના હદ વિસ્તારમાં આવેલ ગોધરા રોડ હજારીયા ફળિયામાં રાત્રિના સમયે ત્રાટકેલા તસ્કરોએક બંધ મકાનને નિશાન બનાવી મકાનમાંથી ચાંદીના દાગીના ચોરીને લઈ જતા, આ સંદર્ભે દાહોદ ટાઉન એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. અને પોલીસ તે ગુનાનો ભેદ ઉકેલવાના પ્રયાસોમાં જોતરાઈ હતી. તે દરમિયાન દાહોદ ટાઉન એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેબલ મનીભાઈ રાજુભાઈને ખાનગી રાહે બાતમી મળી હતી કે, દાહોદ શહેરના ગોધરા રોડ, હજારિયા ફળિયામાં તાજેતરમાં થયેલ ઘરફોડ ચોરીમાં ગયેલ મુદ્દામાલ વેચવા માટે બે ઈસમો શહેરના એમ જી રોડના નાકા પાસે ઊભા છે. જે બાતમીને આધારે દાહોદ ટાઉન એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર આઈ વાય સુરતી તેમના સ્ટાફના પોલીસ કર્મીઓને સાથે લઈ બાતમી વાળી જગ્યાએ પહોંચી ગયા હતા અને તપાસ કરતા ત્યાં ઊભેલા ગોધરા રોડ હજારીયા ફળિયાના વિવેકભાઈ ઉર્ફે ગુંગો ગોવિંદભાઈ અમલીયાર તથા કાયદાના સંદર્ભમાં આવેલ એક બાળકિશોર મળી બે જણા પોલીસને જોઈ આઘા પાછા થવા લાગ્યા હતા.

## દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી ની શશી ધન ડે સ્કૂલમાં સમર કેમ્પ નું આયોજન



**દાહોદ :** દાહોદની શશીધન ડે સ્કૂલમાં સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. ઉનાળુ વેકેશનના પ્રારંભે આયોજિત આ કેમ્પમાં આશરે ૫૦ બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. બાળકોના સર્વાંગી વિકાસ અને મનોરંજન માટે આયોજિત આ કેમ્પમાં સ્કેટિંગ, કરાટે, યોગા, મેડીટેશન, એરોબિક્સ અને ડાન્સ સહિત સ્વીમીંગ જેવી શારીરિક પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, આઉટડોર-ઈન્ડોર સ્પોર્ટ્સ અને આર્ટ એન્ડ ક્રાફ્ટ જેવી સર્જનાત્મક પ્રવૃત્તિઓ પણ યોજવામાં આવી હતી. કેમ્પનું મુખ્ય આકર્ષણ 'સ્વિમિંગ' હતું. ધોમધખતા તાપમાં બાળકોએ સંગીતના તાલે પાણીની છોળો માં આનંદ માણ્યો હતો. દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી ના હોદ્દેદારો ના માર્ગદર્શન હેઠળ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ અને મુલાકાત લઈ બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને આકર્ષક ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

**ઓનલાઇન દવાઓના વેચાણ ઉપર તાત્કાલિક પ્રતિબંધ મૂકવા મામલતદારને આવેદનપત્ર**

## ફતેપુરામાં E-Pharmacy સામે કેમિસ્ટોનો ઉગ્ર વિરોધ,સુખસરમાં પણ મેડિકલ સ્ટોર બંધ



(પ્રતિનિધિ) સુખસર,તા.21
ફતેપુરા તથા સુખસરમાં ઓનલાઈન પોર્ટલ અને મોબાઈલ એપ્લિકેશન મારફતે થતા ગેરકાયદેસર દવાઓના વેચાણ (E-Pharmacy) સામે સ્થાનિક સ્તરે ઉગ્ર વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે.તા. 20 મેના રોજ ફતેપુરા કેમિસ્ટ એન્ડ ડ્રગિસ્ટ એસોસિએશન દ્વારા મામલતદારને આવેદનપત્ર પાઠવીને ઓનલાઈન દવાઓના વેચાણ પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવાની માંગ કરવામાં આવી હતી.વિરોધના ભાગરૂપે ફતેપુરા તાલુકાના તમામ મેડિકલ સ્ટોર્સ સંપૂર્ણપણે બંધ રાખીને કેમિસ્ટોએ શાંતિપૂર્ણ વિરોધ નોંધાવ્યો હતો.આ વિરોધની અસર સુખસર વિસ્તારમાં પણ જોવા મળી હતી. સુખસરમાં આવેલ શ્રીમાન મેડિકલ સ્ટોર સહિત અનેક મેડિકલ સ્ટોરોએ પણ સ્વૈચ્છિક રીતે દુકાનો બંધ રાખીને આ વિરોધને સમર્થન આપ્યું હતું.

એસોસિએશન દ્વારા આપવામાં આવેલા આવેદનપત્રમાં જણાવાયું હતું કે,ઓનલાઈન પ્લેટફોર્મ પર શિડ્યુલ-H અને શિડ્યુલ-H1 જેવી ગંભીર અસરકારક દવાઓ, એન્ટીબાયોટીક્સ તેમજ નશાકારક દવાઓ પ્રિસ્ક્રિપ્શન વગર અથવા ખોટા પ્રિસ્ક્રિપ્શનના આધારે સરળતાથી ઉપલબ્ધ બની રહી છે. જેના કારણે યુવાધન ખોટા માર્ગે દોરાઈ રહ્યું છે.અને સેલ્ફ-મેડિકેશનનું પ્રમાણ ચિંતાજનક રીતે વધી રહ્યું છે, જે જાહેર આરોગ્ય માટે ગંભીર જોખમ ઉભું કરે છે. ખાસ કરીને કોલ્ડ ચેઈન મેન્ટેનન્સના અભાવે આવી દવાઓ દર્દીઓના સ્વાસ્થ્ય માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે.આ સમગ્ર પ્રક્રિયા ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટના નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન હોવાનું પણ એસોસિએશને જણાવ્યું હતું. વર્ષોથી લાયસન્સ મેળવી, સરકારના નિયમોનું પાલન કરીને તથા ક્વોલિફાઈડ ફાર્માસિસ્ટની હાજરીમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં સેવા આપતા સ્થાનિક મેડિકલ સ્ટોર ધારકોની રોજીરોટી પર પણ ઓનલાઈન વેચાણથી ગંભીર અસર પડી રહી હોવાનું રજૂઆતમાં જણાવાયું હતું. એસોસિએશને સરકાર સમક્ષ મુખ્ય માંગણી રાખી હતી કે,દેશ અને રાજ્યમાં ગેરકાયદેસર રીતે ચાલતી તમામ ઓનલાઈન ફાર્મસીઓ અને દવાઓના ડિજિટલ વેચાણને તાત્કાલિક અસરથી બંધ કરવામાં આવે તથા ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટના નિયમોનું કડક પાલન કરાવી જનતાના સ્વાસ્થ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે.

## ધનોલ ચોકડી પાસે બાઈક અકસ્માતમાં એકનુ મોત

(પ્રતિનિધિ) કાલોલ, તા.21
પંચમહાલ જીલ્લાના વેજલપુર પોલીસ સ્ટેશનની હદમાં આવતા ધનોલ ચોકડીથી ચાંચપુર રોડ ઉપર મોટી ધનોલ ગામના રહેવાસી સુનીલકુમાર પ્રતાપસિંહ પરમાર અને તેમનો પરિવાર ચાંચપુર ગામે લગ્ન પ્રસંગમાં ગયો હતો. આ દરમિયાન રાત્રિના સમયે ધનોલ ચોકડીથી ચાંચપુર રોડ ઉપર તેમના કાકા અને અન્ય સંબંધીઓનો અકસ્માત થયો છે. રંજીતસિંહ અજીતસિંહ પરમાર મોટરસાયકલ લઈને ધનોલથી ચાંચપુર લગ્નમાં જઈ રહ્યા હતા. એક મોટરસાયકલ (GJ-17-CR-2919) ના ચાલક અમરસિંહ રાયસિંગસિંહ પરમારે પોતાના કબજાનું વાહન પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી રંજીતસિંહની બાઈકને સામેથી જોરદાર ટક્કર મારી હતી.

## ઝાલોદના કદવાળ ગામેથી સિમેન્ટની આડમાં ટ્રકમાં લઈ જવાતો ૧૯.૩૮ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

પોલીસે કુલ ૩૯.૯૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

(પ્રતિનિધિ) દાહોદ, તા.21
પ્રોહિબિશનને અસામાજીક પ્રવૃત્તિઓ નેસ્તનાબુદ કરવા દાહોદ લોકલ ક્રાઈમ બ્રાંચનાં (એલસીબી) એક મોટી સફળતા મળી છે. એલ.સી.બી. પોલીસે ઝાલોદ પોલીસ સ્ટેશન વિસ્તારના કદવાળ ગામેથી ટાટા ટ્રકમાં ચોરખાને બનાવી સિમેન્ટની બેઠીલાની આડમાં બલ્ક જથ્થામાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે રાજસ્થાનના એક આરોપી સહિત કુલ ૩૯,૯૧,૩૨૦/- નો મુદ્દામાલ રિકવર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પ્રો હિબિશન જળવાયા અનુસાર, દાહોદ એલ.સી.બી. ની ટુકડી હેડ કોન્સ્ટેબલ પોલીસકર્મીઓ મુદ્દામાલ પર વોચ રાખવા માટે પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન બાતમીદાર દ્વારા ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, એક ટાટા ટ્રક (નંબરઃ RJ09GE 3219) માં સિમેન્ટની આડમાં ઈન્ડિયન મેડ ફોરેન લિકર અને બીયરની ૧૬૯ બટા રકમો, આ બાતમીના આધારે પોલીસે ચેક કરતા કદવાળ ગામ પાસેથી ટ્રક મારફતે ટ્રકને આંતરી લીધી. ટ્રકની તલાસી લેતા તેમાંથી સિમેન્ટની બેઠીલાની પાછળ ખાસ બનાવેલા ગુપ્ત ચોરખાનામાંથી વિદેશી દારૂ અને બિયરની હજારોમાં જથ્થો મળી આવ્યો હતો. પોલીસે પ્રાથમિક તપાસમાં ભારતીય બનાવટના પ્રતિબંધિત ઈન્ડિયા દારૂ તથા ટીન બિયર મળી કુલ ૩૨૪ પેટી (૪,૦૪૦ નંગ બોટલ) કિંમત ૧૯,૩૮,૯૨૦/- નો પ્રોહિબિશન મુદ્દામાલ તેમજ દરેક દારૂના ઉપોગમાં લીધેલ ટાટા ટ્રક કિંમત ૨૦,૦૦,૦૦૦/-, ૪૫,૦૦૦/- ની કિંમતના બે મોબાઈલ ફોન અને ૭૫,૦૦૦/- ની કિંમતના ૧૨૦ ટન સિમેન્ટના થેલા, તથા પતરો, દોરડું અને ઈંટ-વે બિલ સહિત કુલ ૩૯,૯૧,૩૨૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ મામલે પોલીસે ટ્રક ચલાવનાર આરોપી રાજારામ ઉર્ફે ગુડ્ડુ સન ઓફ આબુલાલ કેશરસિંગ કીર (ઉ.વ. ૨૯, રહે. સાકરીયા કદપીયો જૈસી ગામ, તા. નિમબાહેડા, જી. ચિત્તોડગઢ, રાજસ્થાન) ને ઝડપી પાડી ઝાલોદ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો કાયદેસરની તપાસ હાથ ધરી છે.